# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 MAY | NO: 03


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

યશાયા ૫૬: ૧ થી ૫

૧. યહોવા કહે છે કે, ન્યાયનું પાલન કરો ને પ્રામાણિકપણે વર્તો; કેમ કે મારા તારણનું આવવું ને મારા ન્યાયનું પ્રગટ થવું નજીક છે.

૨. જે માણસ એ પ્રમાણે વર્તે છે, ને જે પુરુષ એને વળગી રહે છે, અને સાબ્બાથને અપવિત્ર ન કરતાં જે એને પાળે છે. ને પોતાનો હાત કંઈ પણ ભૂંડું કરવાથી પાછો રાખે છે, તેને ધન્ય છે.

૩. વળી જે પરદેશી યહોવાના સંબંધમાં આવેલો છે, તેણે અવું ન કહેવું કે યહોવા મને પોતાના લોકથી ખચીત જુદો પાડશે, વળી ખોજાએ ન કહેવું કે, જુઓ, હું તો માત્ર સુકાયેલું ઝાડ છું.

૪. કેમ કે જે ખોજાઓ મારા સાબ્બાથો પાળે છે, ને જે બાબતો મને ગમે છે તે પસંદ કરે છે, ને મારા કરારને વળગી રહે છે, તેઓ વિષે યહોવા કહે છે કે,

૫. તેમને તો હું મારા મંદિરમાં તથા મારા કોટોમાં દીકરા તથા દીકરીઓ કરતાં ઉત્તમ સ્મારક તથા નામ આપીશ; એમને નષ્ટ નહિ થાય એવું અમર નામ હું આપીશ.

## જો તમે પડકારોનો સામનો કરવા પૂરતા મજબૂત છો, સાવચેત રહો!

IF YOU ARE STRONG ENOUGH TO FACE CHALLENGES, BE CAREFUL!

બહેન એન્જલ



**ઈકો ઓફ હીજ કોલ**ના આપણા સઘળાં વિસ્તૃત પરિવારોને શુભેચ્છાઓ!

આપણા ઈશ્વરપિતા તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા તથા શાંતિ થાઓ.

તાજેતરમાં, મેં મારો પાસપોર્ટ ખોટી જગ્યાએ મૂકી દીધો હતો. મેં બધે શોધ કરી પણ તે મને મળ્યો નહિ. તેને લીધે હું ગાંડી જેવી થઈ ગઈ હતી! મેં તે ક્યાં મૂકી દીધો હતો તે વિશે મને ખાતરી હતી, તેમ છતાં જ્યારે હું તેને પાછી મેળવવા ગઈ ત્યારે તે મળ્યો નહિ, ક્યાંક ખોવાઈ ગયો હતો. મેં દરેક ખૂણેખાંચરે શોધ્યું, હું ખૂબ જ બેચેન બની ગઈ હતી. ખોવાઈ ગયેલા પાસપોર્ટે મારા વિચારો પર કબજો કર્યો હતો – હું જાગૃત હોઉં કે નિદ્રાધીન, હું બીજા કશા પર ધ્યાન કેન્દ્રિત કરી શકી નહિ. વધુ મહત્ત્વની વાત એ છે હતી મારે તેની તાત્કાલિક જરૂર હતી. મારી પાસે નવા પાસપોર્ટ માટે અરજી કરવાનો કે પછીથી આરામથી શોધવાનો સમય નહોતો.

જ્યારે હું મારા ઘરમાં પાસપોર્ટની બેહદ ઉન્મતપણે શોધ કરી રહી હતી, ત્યારે મને લુક ૧૫ના – **ખોવાયેલું ઘેટું, ખોવાયેલો સિક્કો અને ઉડાઉ દીકરાના દ્રષ્ટાંતઓની** યાદ આવી હતી. દરેક વખતે જ્યારે હું ખોવાયેલા ઘેટાં વિશે વાંચું છું, ત્યારે હું મારી જાતને આશ્ચર્યચકિત

(અનુસંધાન પાન ૪ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





“તારો બોજો યહોવા પર નાખ, એટલે તે તને નિભાવી રાખશે;
તે કદી ન્યાયીને ઠોકર ખાવા દેશે નહિ.”
– ગીતશાસ્ત્ર ૫૫:૨૨.

ઈસુ ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ!

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં તમ સર્વને શુભેચ્છાઓ!!

અમે **ઈકો ઓફ હીજ કોલ**ના પાછલા અંકથી તમને મળેલા આશીર્વાદો અંગેના તમારા પ્રતિસાદોની ઊંડી પ્રશંસા કરીએ છીએ. તમારી પ્રાર્થનાઓ અને સમર્થનનો અર્થ અમારા માટે ખૂબ જ છે, અને અમે તે મેળવવાનું ચાલુ રાખીએ છીએ. આવો પ્રભુ સમૃદ્ધિથી તમને આશીર્વાદિત કરો!

ઈશ્વરની ભરપૂર કૃપાથી, ગયા મહિને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** કેમ્પસમાં યુથ કેમ્પ, ઓપન-એર સભા, બાળકોની મિનિસ્ટ્રી, ચર્ચ ઓફ ગોડ મિનિસ્ટ્રીજ અને અમારી શાળાના વાર્ષિક સમારોહ સહિતના મિનિસ્ટ્રીના ઘણા કાર્યક્રમો સફળતાપૂર્વક ભરાવવામાં આવ્યા હતા.



*સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ કેમ્પસમાં યુથ કેમ્પ*

બાલમંદિરના વિદ્યાર્થીઓ અને શાળાના વાર્ષિક દિવસ માટેના સ્નાતક દિવસ અનુક્રમે ૧૧ એપ્રિલ અને ૧૭ એપ્રિલના રોજ યોજાયા હતા. પવિત્ર આત્માની હાજરી અને માર્ગદર્શન આ સમારોહ દરમિયાન સામર્થ્યવાન રીતે સ્પષ્ટ થતી હતી.

ચર્ચ ઓફ ગોડ મિનિસ્ટ્રીઓ અને બાળકોની મિનિસ્ટ્રીઓ વેલાચેરીમાં **નહેમ્યા બાઈબલ કોલેજ** કેમ્પસમાં સારી રીતે ફૂલીફાલી હતી. અમને એ જાહેર કરતા આનંદ થાય છે કે એક વર્ષનો ઈશ્વરવિદ્યાનો ડિપ્લોમા કોર્સ **૨ જૂન, ૨૦૨૫ના રોજથી** નીચેના વિકલ્પો સાથે શરૂ થશે :




*ઓપન-એર સભામાં પાસ્ટાર એસ. સામ સેલ્વરાજનું ભાષણ*

### (અ) નિવાસી (હિન્દી માધ્યમ) – વેલાચેરી કેમ્પસ

લાયક પુરુષ ઉમેદવારો કે જેઓ તેમના સંબંધિત પ્રદેશોમાં પ્રભુની સેવા કરવા તૈયાર છે, તેમને માટે તે ઉપલબ્ધ છે. લાયક વિદ્યાર્થીઓ માટે પુરસ્કર્તા ઉપલબ્ધ છે.

### (બ) સાંધ્ય બાઈબલ કોલેજ (તામિલ માધ્યમ – બિન-નિવાસી)

આ વર્ગો સોમવાર, મંગળવાર અને ગુરુવારે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ સુધીમાં યોજાશે.

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Media Ministry ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

નિર્ધારિત **સ્થળો:** ચેપોક અને સંથોષપુરમ **નહેમ્યા બાઈબલ કોલેજો.**

વધુમાં, ૨૦૨૫-૨૦૨૬ના શૈક્ષણિક વર્ષ માટે તામિલ સાંધ્ય અભ્યાસક્રમો વેલાચરીથી શરૂ થશે.

અમે આ આત્મિક શૈક્ષણિક કાર્યક્રમો માટે નમ્રતાથી તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ અને તમને લાયક ઉમેદવારોને જણાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

## ઈકો ઓફ હીજ કોલનું ડિજિટલાઈઝેશન:

૨૦૨૬માં શરૂઆત કરીને, અમે **ઈકો ઓફ હીજ કોલને** ડિજિટલ સ્વરૂપમાં સંક્રમણ કરવાની યોજના બનાવીએ છીએ કારણ કે સરકારના આદેશો મુજબ આપણે ફેરસુધારેલા ઉચ્ચ ટપાલ ખર્ચાઓનો બોજ ઊઠાવવો પડશે, જે આપણી નાણાકીય ક્ષમતાથી વધુ હશે. છાપખાનાના ખર્ચાઓ અને લેખનસામગ્રીના ભાવમાં પણ વધારો થતો રહે છે. નાણાકીય અવરોધોને લીધે, અમે આ ખર્ચાઓને આવરી લેવામાં વધુને વધુ મુશ્કેલી શોધી રહ્યા છીએ.

બધા ખરેખર રસ ધરાવતા વાચકો તાત્કાલિક સામયિકો પ્રાપ્ત કરે છે તેની ખાતરી કરવા માટે, અમે તેને સોશિયલ મીડિયા, ઈમેઈલ, વોટ્સએપ, સ્પેશિયલ પોસ્ટ અને કુરિયર સર્વિસિસ દ્વારા વિતરિત કરીશું.

**આ સંક્રમણને સરળ બનાવવા માટે, અમે તમને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને નીચેની વિગતો પૂરી પાડશો :**

૧. તમારું સંપૂર્ણ અને સચોટ ટપાલ સરનામું.

૨. તમારો ચોક્કસ ખરેખરો ફોન નંબર અને વોટ્સએપ નંબર.

૩. તમારું માન્ય ઈમેઈલ સરનામું (જો ઉપલબ્ધ હોય તો).

કૃપા કરીને ખાતરી કરો કે આ વિગતો યોગ્ય રીતે પૂરી પાડવામાં આવી છે; નહિંતર, તમે આગામી આવૃત્તિઓ પ્રાપ્ત કરી શકશો નહિ. આ અપડેટ એ વાચકોને લાગુ પડતાં નથી કે જેઓ **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજની સાથે પહેલેથી જ નિયમિત સંદેશાવ્યવહારમાં છે. અમે અમારા આદરણીય સંબંધોને ચાલુ રાખવા અને જાળવવા માટે ઉત્સુક છીએ.

## ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને માટે પ્રાર્થના વિનંતીઓ :

અમે નીચે આપેલ મિનિસ્ટ્રીજને માટે તમારી પ્રાર્થનાઓને માટે આગ્રહથી વિનંતી કરીએ છીએ

### જોશુઆ વોરિયર્સ ઈન્ટરનેશનલ.

૧. એક મિનિટની પ્રાર્થના પહેલ (**જુવાનો અને બાળકો માટેનું વૈશ્વિક દર્શન**) – જુવાનો અને બાળકો માટે વૈશ્વિક દર્શન, જે દરરોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યે યોજાય છે.

૨. એક કલાકની સાંકળ પ્રાર્થના – વિશ્વની મંડળીઓ અને વિશ્વાસીઓને સમર્પિત.

૩. સેમિનારો, શિબિરો અને કાર્યશાળાઓ – જેથી તેઓ ફળદાયી અને આત્માની આગેવાનીમાં દોરવણી પામી શકે.

આપણા ઘણા ભાગીદારો અને મિશનરીઓ વૈશ્વિક સ્તરે સેવાઓ આપે છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવા કરવા માટે અમે તમને આ સેવાકાર્યમાં જોડાવા માટે પ્રેમભર્યું આમંત્રણ આપીએ છીએ!

### વેકેશન બાઈબલ શાળાઓ (VBS) – મે ૨૦૨૫

કૃપા કરીને આ મહિનામાં આપણી મંડળીઓમાં અને અન્ય મંડળીઓમાં થતી વેકેશન બાઈબલ શાળાઓ માટે પ્રાર્થના કરશો.

### ચેન્નાઈમાં અમારા ચર્ચ માટે થનાર વીબીએસ સમયપત્રક :

૧. સંથોષપુરમ – એપ્રિલ ૨૫ થી ૧ મે સુધી

૨. વેલાચેરી – એપ્રિલ ૩૦ થી ૫ મે સુધી

૩. બાલાજી નગર, પલ્લિકારાનાઈ – એપ્રિલ ૩૦ થી ૫ મે સુધી

૪. ચેપોક – ૬ મે થી ૧૨ મે સુધી

ભાઈઓ, અમારા માટે પ્રાર્થના કરશો.

તેમની સેવામાં,

**ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી ટીમ**

E.mail : sam@echoofhiscall.org

## તાકીદની જરૂરિયાત

ઈકો ઓફ હીજ કોલની
એક સંસ્થા,

**સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ,**
**વિજયનગરમ, મેદાવક્કમ, ચેન્નાઈ – ૧૦૦**

માટે શિક્ષકોની જરૂરિયાત
અમને સારી લાયકાત ધરાવતા,
અનુભવી, સમર્પિત, સખત મહેનત
કરનારા અને સેવાકાર્ય લક્ષી
ખ્રિસ્તીઓની જરૂરિયાત છે.
*બાયોડેટા સાથે અરજી કરો*
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં **ઈકો ઓફ હીજ કોલ**ની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીજ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

થતી જોઉં છું: ઘેટાંપાળકે નવ્વાણુંને કેમ છોડી દીધા હતા?

શું તેને નવ્વાણું ઘેટાં વિશે ચિંતા નહોતી? હું સમજું છું કે એક ખોવાયેલું ઘેટું કિંમતી હોવું જોઈએ - પરંતુ તેમ છતાં, તેણે નવ્વાણું ઘેટાંને પાછળ કેમ છોડી દીધા હતા? શું તમે ક્યારેય તેમના વિશે વિચાર્યું છે? **નવ્વાણું ઘેટાં, નવ સિક્કાઓ અને મોટો દીકરો** - ૯૯:૯:૧.

જો તમે આવી જ પરિસ્થિતિમાં હોત, તો શું તમે એકને શોધવા માટે નવ્વાણુંને છોડી દીધા હોત? તેમણે માત્ર તેમને છોડી જ દીધા નહિ, પરંતુ તેમણે તેમને અરણ્યમાં છોડી દીધા હતા. તેને લીધે હું વધુ સખત વિચારવા લાગ્યો હતો. તે સલામત જગ્યા નહોતી - તેણે તેમને પશુવાડામાં અથવા સુરક્ષિત વાડામાં છોડી રાખ્યા નહોતાં. તેઓ ખુલ્લામાં હતા, જંગલી પ્રાણીઓ અને અન્ય જોખમોથી ઘેરાયેલા હતા. તે એકની શોધ કરતી વખતે તેણે કદાચ નવ્વાણુંને ગુમાવી દીધા હોત.

હું જાણતી નથી કે આ રીતે બીજા કોઈએ આ રીતે વિચાર્યું હશે કે નહિ. કદાચ ખોવાયેલું ઘેટું જુવાન અને જિજ્ઞાસુ હતું, અનોખું અને કંઈક કુતૂહલવશ કરવા માટે ઉત્સુક હતું, અને તે સરળતાથી ક્રિયામાં ખોવાઈ ગયું હતું. અથવા કદાચ તે બળવાખોર હતું અને આજ્ઞાકારી નહોતું, ભરવાડના માર્ગદર્શનને અવગણીને હંમેશાં ભટકતું રહેતું હતું.

કારણ કોઈ પણ હોય, તેને ધ્યાનમાં લીધા વિના, ભરવાડ અરણ્યમાં નવ્વાણુંને છોડવા તૈયાર હતો - ખુલ્લામાં અને સંવેદનશીલ થવા માટે- એકની પાછળ જવા માટે. આ વિચાર ઘણા સમયથી મારા મનમાં છે. ત્યાં કોઈ એક કારણ હોવું જોઈએ કે કેમ તેણે તે પસંદગી કરી હતી.

## ૯૯માં ભરવાડનો, ઘેટાંપાળકનો વિશ્વાસ :



## ૧. એકતાનું સામર્થ્ય!

ખુલ્લા અરણ્યમાં તેમને પાછળ છોડી દેવા માટેનો ભરવાડનો ૯૯ પર અપાર



*એકતાનું સામર્થ્ય*

વિશ્વાસ હોવો જોઈએ. સંભવતઃ તે જાણતો હતો કે તેમની પાસે એકબીજાનું પીઠબળ છે - સર્વ સમયે એકતામાં એક સાથે ઊભા છે, એક બીજાને ટેકો આપવા અને નિભાવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. જોખમનો સામનો કરીને પણ, તેઓ એક પ્રચંડ બળ તરીકે એક થઈ શકતા હતા.

મને ખાતરી છે કે ભરવાડ તેમને એકતાના સામર્થ્યમાં સારી રીતે તાલીમ આપી હતી. જો એક ઘેટાં પર હુમલો કરવામાં આવ્યો હોત, તો અન્ય ૯૮ સહજતાથી તેની સહાય માટે દોડી જશે - તેમના ઉગ્ર સંરક્ષણમાં પાછળ હઠ્યા વગર અવિરતપણે રક્ષણાત્મક રીતે.

ભરવાડ એ પણ સમજી ગયો કે જે ખોવાઈ ગયું હતું તે નિર્બળ, સંવેદનશીલ હતું - સંપૂર્ણ રીતે એકલું હતું, કોઈના પણ બચાવ અથવા ટેકા વગર હતું. અસ્તિત્વ ટકાવી રાખવાની સંભાવના પાતળી હતી, ફક્ત બાહ્ય ધમકીઓને કારણે જ નહિ, પણ એકલાપણાના, અલગતાના ભારને કારણે પણ. એકલા રહેવું એ એક જોખમકારક બાબત છે. તેથી જ બાઈબલ આપણને સાથે રહેવા માટે પ્રોત્સાહિત કરે છે:

**"વળી, હું તમને કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા આકાશમાંના બાપથી તેઓને સારુ તે કરાશે."** (માથ્થી ૧૮:૧૯).

**"કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું."** (માથ્થી ૧૮:૨૦).

**જ્યારે ઈશ્વરના લોકો સંપમાં, એકતામાં સાથે રહે છે ત્યારે તે કેટલું સારું અને શોભાયમાન, સુખદ હોય છે!** (ગીતશાસ્ત્ર ૧૩૩:૧).

અમુક સમયે, આપણે અનુભવી શકીએ છીએ કે જે લોકો આપણા મૂલ્યોને વહેંચતા નથી, આપણી પ્રશંસા કરતા નથી, અથવા સાચા અર્થમાં આપણને પ્રેમ કરતા નથી તેના કરતા એકલા રહેવું વધુ સારું છે. તે ખાસ કરીને દુઃખદાયક છે જ્યારે આપણી નજીકના લોકો આપણો વિશ્વાસઘાત કરે છે કે આપણને નુકસાન પહોંચાડે છે, જેનાથી ફરીથી કોઈ પર ભરોસો રાખવો મુશ્કેલ બને છે.

વહાલા ભાઈઓ તથા બહેનો,જો તમે આનો અનુભવ કર્યો છે અથવા હવે તેમાંથી પસાર થઈ રહ્યા છો, તો હું પ્રાર્થના કરું છું કે પ્રભુ તમારા જખમોને મટાડો, સાજા કરો. ઈસુ ખ્રિસ્તે જાતે જ વધસ્તંભ પર જતા વિશ્વાસઘાત સહન કર્યો હતો, તેથી તેઓ તમારી પીડા, ખચકાટ અને શંકાઓને સમજે છે.

હા, આ જગતના લોકો પર ભરોસો કરવો મુશ્કેલ હોઈ શકે છે. દુર્ભાગ્યે, આ એક કારણ છે કે ઘણા લોકો મંડળીમાં ભાગ લેતા કે દેવળમાં હાજરી આપતા અચકાતા હોય છે. જો તમે ત્યાં જે લોકો હોય છે, તેમને કારણે મંડળીમાં ભાગ લેવા કે દેવળમાં હાજરી આપવાનું ટાળી રહ્યા છો, તો હું તમને પ્રોત્સાહિત કરવા માંગું છું - કૃપા કરીને જાઓ! તે માત્ર એક સૂચન જ નથી પણ ઈશ્વર તરફથી આજ્ઞા પણ છે :

**"જેમ કેટલાએક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ, પણ આપણે એકબીજાને ઉત્તેજન આપીએ; અને જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો જુઓ તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો."** (હિબ્રૂઓને પત્ર ૧૦:૨૫).

તમારી જાતને મંડળીથી દૂર ન કરો. યાદ રાખો, આપણે અપૂર્ણ લોકોની વચ્ચે એક અપૂર્ણ દુનિયામાં જીવીએ છીએ, પરંતુ સંપૂર્ણતાના ઈશ્વર આપણને પ્રેમ કરવા કૃપા આપશે અને જ્ઞાન પ્રાપ્ત કરવા સમજણ આપશે. પ્રેરિતોનાં કૃત્યો ૧૨માં, જ્યારે મંડળીએ સાથે મળીને પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરે પિતર માટે બંદિખાનાના દરવાજા ચમત્કારિક રીતે ખોલ્યા હતા. જ્યારે વિશ્વાસીઓ પ્રાર્થના અને સંગતમાં એક થાય છે ત્યારે ત્યાં મોટું સામર્થ્ય હોય છે.

(આગળ પાન ૬ પર...)

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ એપ્રિલ ૨૦૨૫ થી ૧૮ મે ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**મે ૧૯** : અમારી બાળકો માટેની **વેકેશન બાઇબલ સ્કૂલ** પરના ઈશ્વરના ભરપૂર આશીર્વાદોને માટે.

**મે ૨૦** : અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઇબલ કોલેજો** તથા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** માટે જેઓ જરૂરીયાતમાં છે તેઓની પ્રત્યે સમર્પિત સેવાને માટે.

**મે ૨૧** : અમારા ભાષાંતર કરનારાઓ, સહસંપાદકો, કોઓર્ડિનેટ્સ અને તેમના કુટુંબો પર દૈવી કૃપાને માટે.

**મે ૨૨** : અમારા મુખ્ય ચર્ચ તથા શાખા ચર્ચોના સર્વ સભ્યો પરના તેમના આશીર્વાદને માટે.

**મે ૨૩** : રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે આપણા ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોની વૃદ્ધિને માટે.

**મે ૨૪** : અંધાધૂંધી અને યુદ્ધની ધમકી વચ્ચે સર્વ દેશો પર ઈશ્વરની દૈવી સુરક્ષાને માટે.

**મે ૨૫** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની દયાને માટે.

**મે ૨૬** : અમારા **પાંચ મિનિટના યુટ્યુબ સંદેશાઓમાં** લવાજમ ધારકોની અને સાક્ષીઓની વધતી સંખ્યાને માટે.

**મે ૨૭** : ૨૩ માર્ચ, ૨૦૨૫ના રોજ **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** યોજાયેલી અમારી છૂટકારાની સભા પરના આશીર્વાદોને માટે.

**મે ૨૮** : અમારા **બાઇબલકોર (બાઇબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ)** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો**ના પ્રભાવને માટે.

**મે ૨૯** : અમારી મિનિસ્ટ્રીની સર્વ જરૂરિયાતોને પૂરી પાડવાની ઈશ્વરની ચમત્કારિક વ્યવસ્થા

**મે ૩૦** : સમાજના તમામ ક્ષેત્રોમાં મહિલાઓના સશક્તિકરણની હિમાયતને માટે.

**મે ૩૧** : **ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીના** કર્મચારીઓ અને તેમના પરિવારોની સુરક્ષા તથા સારા સ્વાસ્થ્યને માટે.

**જૂન ૦૧** : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં તથા *નહેમ્યા બાઇબલ કોલેજમાં** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશોની પ્રક્રિયાની સફળતાને માટે.

**જૂન ૦૨** : અમને નિયમિતપણે થિયોલોજિકલ સેમિનારો યોજવામાં સક્ષમ કરવામાં ઈશ્વરની કૃપાને માટે.

**જૂન ૦૩** : ૧૯૬૯થી ચાલતી આપણી સામયિક મિનિસ્ટ્રી માટેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જૂન ૦૪** : રાષ્ટ્રો વચ્ચે શાંતિ સ્થપાય અને આર્થિક વિકાસ થાય.

**જૂન ૦૫** : વિવિધ ક્ષમતાઓ અને પરિમાણોમાં અમારી મિનિસ્ટ્રીઓનું વિસ્તરણ.

**જૂન ૦૬** : ખ્રિસ્તીઓ ઈશ્વરના વચન પ્રમાણે જીવે અને ખ્રિસ્ત જેવો સ્વભાવ કેળવે તે માટે.

**જૂન ૦૭** : વિશ્વભરમાં ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓની સારી પ્રતિષ્ઠા અને અખંડિતતા માટે.

**જૂન ૦૮** : આપણા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રો કે જેઓ પ્રાર્થના અને નાણાકીય યોગદાનો દ્વારા અમારી મિનિસ્ટ્રજને ટકાવી રાખે છે તેમના પર ઈશ્વરના આશીર્વાદોને માટે

**જૂન ૦૯** : પૃથ્વી પર તેમના રાજ્યને આગળ વધારવા માટેના તાજા દ્રષ્ટિકોણોને માટે.

**જૂન ૧૦** : આત્મિક અને શારીરિક ધમકીઓ સામે તમામ ચર્ચોની દૈવી સુરક્ષાને માટે.

**જૂન ૧૧** : સર્વ પરિવારોમાં સંવાદિતા અને શાંતિ.ને માટે

**જૂન ૧૨** : વિશ્વભરમાંના ટેલિવિઝન અને યુટ્યુબ ઉપદેશકોના અભિષેક અને માર્ગદર્શનને માટે.

**જૂન ૧૩** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોની સારી તંદુરસ્તી તથા દૈવી સલામતી માટે.

**જૂન ૧૪** : વિશ્વભરના દેશોમાં તમામ પાસાઓમાં એકતા અને પ્રગતિ માટે.

**જૂન ૧૫** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની દયાને માટે.

**જૂન ૧૬** : અમારા કર્મચારીઓ અને તેમના પરિવારોની સારી તંદુરસ્તી તથા સુખાકારીને માટે.

**જૂન ૧૭** : વિશ્વભરના સર્વ દેશોના રાષ્ટ્રપતિઓ, વડા પ્રધાનો તથા સર્વ સરકારી અધિકારીઓ માટે, કે તેઓ ડહાપણ અને અખંડિતતા સાથે દોરવણી પૂરી પાડે.

**જૂન ૧૮** : વાયરલ તાવ અને વધી રહેલા ચેપી રોગો સામે દૈવી રક્ષણ માટે.

(પાન ૪ પરથી આગળ...)



*ઈશ્વરે ચમત્કારિક રીતે પિતરને માટે બંદીખાનાના દરવાજા ઊઘાડી દીધા હતા*

પ્રેમ બધી વસ્તુઓ આવરી લે છે, અને આપણને એક બીજાની જરૂર છે. ત્યાં અંગ્રેજીમાં એક સુંદર કહેવત છે : જો તમે ઝડપથી ચાલવા માંગતા હો, તો એકલા ચાલો. પણ જો તમારે દૂર સુધી ચાલવું હોય તો કોઈકની સાથે ચાલો. જો કે, તમે કોની સાથે ચાલવાનું પસંદ કરો છો અને તેની સાથે સંગતમાં રહેવાનું પસંદ કરો છો, તેનું ધ્યાન રાખો કેમ કે તેઓ તમને પ્રભાવિત કરશે. આથી જ ગીતશાસ્ત્ર ૧ આપણને સમૃદ્ધ થવા માટે અમુક સંગતોને ટાળવાનું શીખવે છે. એકતા આવશ્યક છે, પણ ખોટી સંગતો આપત્તિ તરફ દોરી શકે છે.

ઈસુ ખ્રિસ્તે એક ગહન પ્રાર્થના કરી હતીઃ "**...જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય – હું તેઓમાં અને તું મારામાં થાય, જેથી તેઓ સંપૂર્ણ થઈને એક થાય.**" (યોહાન ૧૭:૨૨-૨૩).

જ્યારે ઘેટાંપાળકની એક ખોવાયેલા ઘેટાંની શોધ એ ઈશ્વરની આમૂલ દયાનું સામર્થ્યવાન ઉદાહરણ છે, ત્યારે નવ્વાણું એ સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે જેનો અર્થ પુનઃસ્થાપનામાં આનંદ થાય છે. જ્યારે એક સભ્ય પાછો આવે છે, ત્યારે આનંદ ફક્ત બચાવ પામેલા માટે જ નહિ પણ આખા ટોળા માટે છે. આ આપણને શીખવે છે કે ઈશ્વર દરેક વ્યક્તિને મહત્ત્વ આપે છે અને તે પુનઃસ્થાપના એ એક સાંપ્રદાયિક ઘટના છે – દરેકને માટે ઉજવણી કરવા અને બીજાને ટોળામાં પાછા લાવવામાં ભાગ લેવાનું આમંત્રણ.

## ૨. તકેદારી અને સક્રિય પુનઃસ્થાપના માટેનું તેડું!

ઘેટાંપાળક અપેક્ષા રાખે છે કે નવ્વાણું જાગ્રત અને સાવચેત રહે. જ્યારે કોઈ વ્યક્તિ દૂર જવાનું શરૂ કરે છે ત્યારે તેઓને પ્રથમ ધ્યાન આપવા માટે અને તે વ્યક્તિને મૃદુતાપૂર્વક પાછા લાવવા માટે તેડું આપવામાં આવે છે. નવ્વાણું પર મોટી જવાબદારી હોય છે – ઘેટાંપાળકને કેવી રીતે ખબર પડશે કે એક ઘેટું ખોવાયું છે? ચોક્કસ, તેમાંનો ઓછામાં ઓછો એક જણ ભયસૂચક ધ્વનિ દ્વારા ચેતવણી આપશે. કદાચ તે ખોવાય ગયેલા ઘેટાંની માતા, ભાઈ, બહેન, મિત્ર, દાદા -દાદા અથવા જીવનસાથી હોઈ શકે છે. જો તે વૃદ્ધ ઘેટું હોત, તો કદાચ જુવાન ઘેટાંએ જોયું હોત અને ઘેટાંપાળકને જાણ કરી હોત.

ઈસુ ખ્રિસ્ત અપેક્ષા રાખે છે કે બાકીના નવ્વાણું સજાગ રહે. જો તમે પોતાને નવ્વાણુંમાં એક માનો છો, તો તમારી તે ખોવાયેલા ઘેટાં પ્રત્યેની ફરજ છે. આપણે આપણા કુટુંબના સભ્યો, મિત્રો અને, સૌથી ઉપર, આપણી મંડળીના સમુદાય પ્રત્યે સચેત રહેવું જોઈએ. ઘણી વાર, આપણે માની લઈએ છીએ કે આપણી આસપાસના લોકો તેમના વિશ્વાસમાં દ્રઢ, સુરક્ષિત છે, પણ નવ્વાણુંમાં પણ કેટલાક ભટકી ગયેલા હોઈ શકે છે. સાવચેતી રાખો!

**જ્યારે ચોકીદાર શત્રુને નજીક આવતા જુએ છે, ત્યારે તે લોકોને ચેતવણી આપવા માટે રણશિંગડું વગાડે છે.** (હઝકિયેલ ૩૩:૩-૯).

તે જ રીતે, નવ્વાણુંની પ્રતિબદ્ધતા આત્મિક આત્મસંતોષને રોકવામાં મદદ કરે છે અને સમુદાયના એકંદર સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે. ઈશ્વરે આપણને તે સ્થળોએ ચોકીદાર તરીકે બેસાડ્યા છે – આવો આપણે જાગ્રત રહીએ!

## ૩. આત્મસંતોષ તથા સ્વ-ન્યાયીપણા સામે ચેતવણી!:

કેટલીકવાર, નવ્વાણુંનો ભાગ હોવાને કારણે – સલામત અને સુરક્ષિત લાગે છે – તે આત્મસંતોષ તથા સ્વ-ન્યાયીપણાના વલણ તરફ દોરી શકે છે. આપણે કદાચ વિચાર કરીએ, "ઓહ, હું ટોળામાં છું. મારી પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે તે હું કરી રહ્યો છું. હું ઘેટાંપાળકની પાછળ પાછળ ચાલું છું અને તેનું પાલન કરું છું અને તેની આજ્ઞા માનું છું. હું ભટકી જનારના જેવો નથી." જો કે, નવ્વાણુંની સલામતી સુરક્ષિતપણાની ખોટી સમજ બનાવી શકે છે. ટોળાનો ભાગ બનવું એ એક આત્મિક રીતે રોગપ્રતિકારક અથવા આત્મનિર્ભર બનાવતું નથી.

આ દૃષ્ટાંત ન્યાયીઓને પડકાર આપે છે જે માને છે કે, "મને પસ્તાવો કરવાની જરૂર નથી," તેમને યાદ અપાવીને કે ઈશ્વરની કૃપા બધા માટે ઉપલબ્ધ છે – જેઓ સુરક્ષિત દેખાય છે તેઓ માટે પણ. જેમ શાસ્ત્ર કહે છે, "**કેમ કે સઘળાએ**

(આગળ પાન ૯ પર...)


નહેમ્યા બાઈબલ કોલેજો

લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ECHO OF HIS CALL 1969-2019 REACHING NATIONS

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

પ્રવેશ માટે ઝડપ કરશો!

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, “નવુ જીવન-તમારા માટે” એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## છોડી દેશો નહિ! પાછા હઠી જશો નહિ!!

**"પણ ન્યાયી સેવક વિશ્વાસથી જીવશે; જો કોઈ પાછો હઠે, તો તેનામાં મારા જીવને આનંદ થશે નહિ. પણ આપણે પાછા હઠીને નાશ પામનારા નથી, પણ જીવના ઉદ્ધારને અર્થે વિશ્વાસ કરનારા છીએ."** - હિબ્રૂઓને પત્ર ૧૦:૩૮-૩૯.

મારા મિનિસ્ટ્રીના શરૂઆતના દિવસોથી, કોઈ માનવીય સમર્થન વિના, મારે મોટા દુઃખોનો સામનો કરવો પડ્યો હતો અને હું જે લોકોની વચ્ચે રહેતો હતો તેઓનાથી વર્ણન ન કરી શકાય એવી મુશ્કેલીઓ સહન કરી હતી. નિંદ્રા વગરની રાતો અને ભયભીત દિવસોએ મને સવાલ કર્યો કે શું ઈશ્વરે ખરેખર મને તેડ્યો હતો કે હું મારી પોતાની ઈચ્છાથી મિનિસ્ટ્રીમાં આવ્યો હતો.

ત્યાં એવા સમયો આવ્યા હતા જ્યારે મારે ભૂખમરાનો અને શારીરિક હુમલાનો સામનો કરવો પડ્યો હતો, તેમ છતાં ઈશ્વર શાંત રહ્યા હતા. તેમણે મારી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો નહોતો. ઘણા પ્રસંગોએ, મને તજી દેવામાં આવ્યો હોય એવું લાગતું હતું. પણ જેમ જેમ સમય પસાર થતો ગયો ત્યારે મને સમજાયું કે તેમનું શાંત રહેવું, ચૂપ રહેવું પણ એક જવાબ હતો - મને જગત વિશે અને તેના લોકો વિશે શીખવતો એક પાઠ.

૧૯૭૯માં, ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો ઉપદેશ આપતી વખતે મારે ગંભીર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે હું એક ભાડાનાં મકાનમાં પ્રાર્થના બેઠકો કરી રહ્યો હતો, ત્યારે કેટલીક વ્યક્તિઓ મારી સામે ખોટા આક્ષેપો સાથે મકાનમાલિક પાસે ગયા હતા. તેઓએ તેણીને ગળે ઉતારાવ્યું હતું કે કે મને ત્યાં હવે પછીના સમયમાં મેળાવડાઓ ભરાવવાની મનાઈ કરવામાં આવે.

ભંગિત હૃદય સાથે, હું ઘરે પાછો ફર્યો, દરવાજાઓ ઉઘાડ્યાં, અને મારા રસોડાંના અને બાથરૂમમાંના પાણીના બધા નળો ખોલી નાખ્યાં. હું ઘણો રડ્યો, મોટેથી પ્રભુને પોકાર કર્યો હતો. વહી જતા પાણીના અવાજથી બહારની દુનિયાથી મારા આંસુઓનો અવાજ ઢંકાઈ ગયો હતો. છતાં, તે પછી પણ, ઈશ્વર મૌન રહ્યા હતા.

મારા જીવનને જોતાં, મેં એક તરફ પડકારો અને મુશ્કેલીઓ જોયા, અને બીજી બાજુ, એ જ માલિક તરફ જોયું કે જેમણે મને મિનિસ્ટ્રીમાં તેડ્યો હતો, અને હજુ પણ મોટે ભાગે મને મદદ કરવા માટે કંઈ કરી શક્યા નહોતા. દરમિયાન, મારા વિરોધીઓ વધુ તાકતવર બન્યા હતા, મારી ખુલ્લેઆમ મજાક ઉડાવતા હતા. તેઓએ સરકારી કાર્યાલયમાં પણ અંદર આવ્યા હતા જ્યાં મેં કામ કર્યું હતું, અને ખોટી અફવાઓ ફેલાવી હતી અને મારા સાથીદારોની સામે મને નિંદા કરી હતી.

હું ઘણો મુશ્કેલીમાં હતો - વ્યથિત થયેલો, ભયભીત અને તેઓએ મને જે નુકસાન પહોંચાડ્યું હતું તેનાથી ડૂબી ગયો હતો. તે દિવસે, હું હતાશામાં પોકારી ઊઠયો હતોઃ

"ઓ ઈસ્રાએલના પ્રભુ યહોવા, ઓ ઈબ્રાહિમ, ઈસહાક તથા યાકૂબના ઈશ્વર! હું હવે તમારી ચૂપકીદી સહન કરી શકતો નથી! જો તમે મારા વતી કામ નહિ કરો, તો તમે કોને મદદ કરશો? જો તમે મારું રક્ષણ કરવાનો નકાર કરો છો, તો હું બીજે ક્યાં જાઉં?"

છતાં, ત્યાં કોઈ જવાબ, કોઈ માર્ગદર્શન, કોઈ પ્રેરણા નહોતી - માત્ર મૌન હતું. મારો આત્મા ખરેખર વ્યગ્ર થઈ ગયો હતો. તે રાત્રે, મારી નિરાશામાં, મેં મારા ઘરનો સઘળો સામાન અને મિનિસ્ટ્રીની સામગ્રીઓ બાંધી દીધા હતા, તે બધાને પાછળ છોડવાની તૈયારી સાથે મારા વતન પાછા જવાની તૈયારી કરી હતી.

**"કેમ કે જુલમી તરવારને લીધે દરેક જણ પોતપોતાના લોકની પાસે દોડી આવશે અને પોતપોતાના વતનમાં નાસી જશે."** - યર્મિયા ૫૦:૧૬.

બરાબર રાત્રે ૨:૦૦ વાગ્યે, કોઈ મારા દરવાજા ખટખટાવતું હતું એ મેં સાંભળ્યું. મારા હાથ ધ્રૂજતા હતા, અને મેં અસહાયતા તથા ગભરાટ, બન્નેનો અનુભવ કર્યો હતો. આખરે, મેં દરવાજો ખોલ્યો ત્યારે સફેદ દાઢીવાળા એક વૃદ્ધ વ્યક્તિને તેમના ખભા ઉપર એક થેલો અને ખોરાકનો ડબ્બો લઈને ઊભા રહેલા જોયાં.

મેં પૂછ્યું, "તમે કોણ છો? આ સમયે તમે અહીં શું કામ આવ્યા છો?" મેં એ પણ ઉલ્લેખ કર્યો છે કે હું મારા વતન પર પાછા ફરવાની તૈયારી કરી રહ્યો હતો કેમ કે ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો ન હતો. જો કે, તેમણે મને વિનંતી કરી કે તેમને હું અંદર આવવા દઉં અને સમજાવી રહ્યા હતા કે પડોશીઓ મોડી રાતની પરિસ્થિતિમાં ખોટું અર્થઘટન કરી શકે છે. મેં અનિચ્છાએ તેમને અંદર આવવા આમંત્રણ આપ્યું.

તેમણે શરૂઆત કરી કે, મારા દીકરા સામ, હું તમારો મિત્ર, પાસ્ટર જે. એસ. ડેનિયેલ છું. આપણને છેલ્લા મળ્યાને ઘણો સમય થઈ ગયો છે, અને કદાચ તમે મને ભૂલી ગયા છો. હું શહેરમાં મારું સેવાકાર્ય પૂરું કર્યા પછી મારા ગામમાં પાછો ફરી રહ્યો હતો, પણ હું મારી છેલ્લી બસ ચૂકી ગયો હતો. મારી પાસે ટેક્સી ભાડે લેવા માટે પૈસા પણ નહોતાં, અથવા મારી પાસે આ શહેરમાં રાત વિતાવવાની જગ્યા નથી. ચેન્નાઈમાં માઉન્ટ રોડ પર ચાલતી વખતે, ઈશ્વરે મારી સાથે વાત કરી, મને આજે રાત્રે તમને શોધવા માટે સ્પષ્ટ રીતે માર્ગદર્શન કર્યું હતું. તમારે આ સ્થાન છોડવું જોઈએ નહિ. એવું ન માનો કે તમારા ઈશ્વર, જેમણે તમને તેડ્યા છે, તેઓ ચૂપ છે; તેઓ તમને આવતી

કાલને માટે વધુ સારા કામ માટે સક્રિય રીતે તૈયાર કરી રહ્યા છે. તેઓ તમારા જીવનમાં કંઈક મોટી વાત મેળવવા માટે તમને તીવ્રતાથી ઘડી રહ્યા છે. તમે માનો છો તેમ તેઓ ચૂપ બેસી રહ્યા નથી. યાદ રાખો કે, **સુવાર્તા યરૂશાલેમમાંથી આગળ મોકલવાની છે.** (યશાયા ૨:૩, મીખાહ ૪:૨). આ નગર તમારું યરૂશાલેમ છે. તેથી, આ નગરને છોડી દેશો નહિ.

મારી પાસે તેમની વાતનું પાલન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો, અને મેં યહોવા પ્રભુના પ્રેમનો અનુભવ કર્યો હતો અને મારા જેવા નમ્ર સેવકના જીવનમાં તેઓ ચમત્કારિક રીતે કામ કરી રહ્યા છે તેની સાક્ષી. મેં પાસ્ટર ડેનિયલની અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત બંન્નેની માફી માંગી, અને પછી મારી મિનિસ્ટ્રી ચાલુ રાખી હતી. ઈશ્વરે મને આશીર્વાદિત કર્યો હતો. થોડા મહિના પછી, તેઓ મને બીજી જગ્યાએ દોરી લઈ ગયા હતા જ્યાં હું સફળ સેવક બન્યો હતો.

વહાલા મિત્ર, શું તમને લાગે છે કે તમે ઈશ્વર દ્વારા ભૂલાઈ ગયા છો જેમણે તમને તેડ્યા છે? શું તમે માનો છો કે તમારી વૃદ્ધિ એટલી ધીમી છે કે તમારા માટે વ્યવસાય બદલવો અથવા બીજી જગ્યાએ જવાનું વધુ સારું છે? ના, તમારે એમ ન કરવું જોઈએ. જે યહોવા પ્રભુએ તમને તેડ્યા છે તેઓ વિશ્વાસુ છે. ભલે તમે બધું ગુમાવી દીધું હોય, તમારું ભવિષ્ય હજી પણ બાકી છે. તેથી ચમત્કાર માટે તેમનામાં વિશ્વાસ કરો – તમારા જીવનમાં કંઈક સારું થવાનું છે! **"યહોવાની વાટ જો; બળવાન થા, અને હિમ્મત રાખ; હા, યહોવાની વાટ જો."** – ગીતશાસ્ત્ર ૨૭:૧૪.

~~~~~~

(પાન ૬ પરથી આગળ...)

**પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે."** (રોમનોને પત્ર ૩:૨૩). આ રીતે, નવ્વાણું લોકો આત્મસંતોષ તથા ઘમંડના સંકેતો સામે આપણા પોતાના હૃદયોને તપાસવા માટે પ્રેરિત કરે છે.

**"માટે જે કોઈ પોતાને સ્થિર ઊભેલો ધારે છે, તે પોતે ન પડે માટે સાવચેત રહે."** (૧ કરિંથીઓને પત્ર ૧૦:૧૨).

વહાલા મિત્રો,

જ્યારે હું ઘેટાંપાળકની ઊંડી પ્રશંસા કરું છું જે ખોવાઈ ગયેલા એકની શોધ કરે છે, ત્યારે હું નવ્વાણુંમાં મૂકેલા તેના વિશ્વાસ માટે એટલી જ આભારી છું. તેમ છતાં જેઓ સલામત છે, ઈસુ ખ્રિસ્ત તેમને પડકાર આપે છે કે તેઓ સલામતીની ખોટી સમજમાં ન રહે. તેઓએ ઓળખવું જ જોઈએ કે ટોળામાં તેમનું સ્થાન એક ભેટ છે – જેને ટકાવી રાખવા માટે નમ્રતા અને પસ્તાવો કરવાની જરૂર હોય છે. તેમની ભૂમિકા જીવંત યાદપત્ર તરીકે સેવા આપવાની છે કે વિશ્વાસુને પણ સતત નવીકરણની અને ઈશ્વરની કૃપાની નિર્ભરતાની જરૂર હોય છે.

નવ્વાણુંઓએ ચોક્કસ એક માટે પ્રાર્થના કરવી જ જોઈએ.

******

**URGENT NEED for CHRISTIAN OFFICE**

**1. COMPUTER OPERATORS**

**2. PRINTING PRESS OPERATORS**

**Contact : (+91) 98412 71858, E.mail : sam@echoofhiscall.org**

**NOTICE**

Please store the Mobile Phone numbers (+91) 98410 71858, (+91) 98412 71858 of Pastor S. Sam Selva Raj on your mobile phones.

- Editor

## ઈકો ઓફ હીજ કોલ YouTube યુટ્યુબ દૈનિક ભક્તિ પ્રતિસાદો !

LIKE COMMENT



ભાઈ શશી તિવારી



બહેન મેરી સુસાન



ભાઈ સ્ટીફન રામન્ના



ભાઈ શાઉલ બેન્જામિન શિંદે

(i) ભાઈ સ્ટીફન રામન્ના, દક્ષિણ આફ્રિકા

વાહ, આજે સવારે કેવો સામર્થ્યવાન સંદેશો સાંભળવા મળ્યો છે, હું ખરેખર ધન્ય થયો છું.

(ii) ભાઈ શશી તિવારી, મુંબઈ

પ્રોત્સાહક ભક્તિ માટે આભાર. ભક્તિ અને અર્થઘટન માટે દરરોજ પ્રાર્થના કરું છું.

(iii) ભાઈ શાઉલ બેન્જામિન શિંદે, પાલઘર

પ્રભુની સ્તુતિ થાઓ, પાસ્ટર. હું નિયમિતપણે યુટ્યુબ પર તમારા સંદેશાઓને અનુસરી રહ્યો છું. ઈશ્વરે તમારા સંદેશાઓ દ્વારા મને આશીર્વાદિત કર્યો છે. ઈશ્વર તમારો આભાર માનું છું અને ઈશ્વર તમને વધુ આશીર્વાદિત કરો.

(iv) બહેન મેરી સુસાન, વિઝાગ

સવારના યુટ્યુબ સંદેશાઓ માટે આભાર. હું ખરેખર આશીર્વાદિત થઈ છું.
~~~~~~

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **S. Sam Selva Raj** |
| A/C No. | : | **1023 2934 679** |
| IFSC | : | **SBIN 00 00 249** |
| SWIFT CODE | : | **SBI NIN BB 455** |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | **Anna Salai, Chennai-6** |
| Name | : | **Echo of His Call** |
| A/C No. | : | **6038 0502 2319** |
| IFSC | : | **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **Echo of His Call Educational Trust** |
| A/C No. | : | **1023 2923 805** |
| IFSC | : | **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS Patrika Channel"**

**on 16th MAY 2025**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**